શ્રી

કુસુમ-કમળા.

નાટકનાં ગાયનો

માંડવાના દરબાર શ્રી જીતસિંહજી મહારાણાશ્રીત

શ્રી વાંકાનેર સત્યબોધક, નાટક કંપની માટે

રચનાર,

રાવળ ઉમીયાશંકર રામચંદ્ર

તથા

આચાર્ય મયાશંકર જયંશંકર

છપાવી પ્રસિદ્ધ કરનાર,

રાવલ શીવશંકર રામચંદ્ર

વાં. સ. બો. ના. કં. ના માલીક.

આ. ૧ લી. પ્ર. ૧૦૦૦ સંવત ૧૯૫૮ સ. ૧૯૦૨

કિંમત બે આના.

અર્પણ પત્રીકા.

રા. રા. દેશાઈ, ગણુપતલાલ, ચુનીલાલભાઇની સેવામાં.

મુ. મહુધા.

વિદ્યા વિલાસી, ધર્મ ધારણુ, ધીર, બુદ્ધિ ધામ છો.
ગ્રાહક સદા ગુણુવાનના. વળી વિદ્વજન વિશ્રામ છો,
વિપતી, વિદારણુ વીર, નીતીવાન સદ્દગુણુ ખાણુ છો.
દાતા, દયાળુ દીલના, દેશાઇ કુળના ભાણુ છો. 1
સુધાસમી દ્રષ્ટી વળી, સજ્જન; અને સ્નેહી પ્રતી.
પરિપુર્ણુ પ્રેમે ટાળતા, જન, દીનનાં દુઃખડાં અતી.
મમતા ધરી, મહુધા મહીં, બહુ પ્રીત ધરિ અમ ઉપરે;
આશ્રય અતિ આપી અને, આભારી કરીયા છે ખરે. ૨
એ સ્નેહનું શુભ સ્મરણુ કરવા, હૃદયમાં ધારી વ્રત્તી,
વળિ અમર કરવા નામ ખાતર, સ્વલ્પમતિની આકૃતી.
કરીએ સમર્પણુ, કુસુમ-કમળા નાટય નોત્તમ નેહથી;
ધરિ વ્હાલ, ગણુપતલાલ, તે સ્વિકાર કરશો સ્નેહથી. ૩

લી. સેવક.

કર્તા.

કુસુમ-કમળા નાટકના મુખ્ય પાત્રો.

ભુપતસિંહ—ધીરપુરનો રાજા.

જોરાવરસિંહ—તેનો સરદાર.

વિવેકચંદ્ર—ભુપતસિંહનો કારભારી.

નવલચંદ્ર—વિવેકચંદ્રનો પુત્ર.

અનુપસિંહ—શાન્તીગઢનો રાજા.

કુસુમસેન—અનુપસિંહનો પાટવી કુમાર.

ગફલશા—ધીરપુરનો એક વાણીયો.

માધીયો—તેનો મુર્ખ છોકરો.

તરકટલાલ—એક બ્રાહ્મણ. મહાદેવનો પુજારી. (તપોધન)

નગર શેઠ—ધીરપુરનો એક ગ્રહસ્થ.

કમળા—ભુપતસિંહની પુત્રી, કુસુમસેનની રાણી.

કીશોરી—ધીરપુરના નગર શેઠની પુત્રી; નવલચંદ્રની પત્ની,

યોવનસેના—એક ગણિકા, પ્રપંચથી બનેલી ભુપતસિંહની નવી રાણી.

જમના—ગફલશાની બૈરી.

કુશમુખી—યોવન સેનાંની દાસી.

સુનંદા—કમળાની દાસી.—તે સિવાય.

સુત્રધાર, સખીયો. ડોસો, વાણીયાઓ, રજપુતો, સિપાઇયો. ભડવૈયા, વારાંગનાઓ, ચોપદાર. વીગેરે, વીગેરે,

કુસુમ–કમળા નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

અંગળા ચરણ.

પ્રવેશ ૧ લો.—ધીરપુરના રાજ્ય માર્ગમાં યોવનસેનાં, દાસી કશ્ર મુખી સાથે યોવનનાં વખાણ કરતી પ્રવેશ કરે છે, તેને જોરાવરસિંહ આવી મળે છે. અને યોવનસેનાંને રાણી બનાવવાની ગોઠવણુ એવી શરતથી કરે છે કે, યોવનસેનાંયે રાણી થયા બાદ રાજાને ગમે તેમ સમજાવી, કમળાનું લગન જોરાવરસિંહ સાથે કરાવવું. એવામાં ગફ્ફલશા, તેના ગાંડીયા છોકરા સાથે, પૈસા મેળવવાના અનેક ધાટ ધડતો દાખલ થાય છે, તેને લાંચ આપી. યોવનસેનાંનો કારભારી ઠરાવે છે. ભુપતસિંહ. પ્રધાન, વિવેકચંદ્ર સાથે છડી સ્વારીયે પધારે છે, જોરાવર, યોવનસેનાં. અચળગઢના રાજાની પુત્રી છે એવો પ્રપંચ રચી મહારાજા ભુપતસિંહ સાથે તેનો હસ્ત મેલાપ કરાવી દે છે.

૨—કમળા, દાસીસુનંદા સાથે, યોવનસેના હલકા કુળની છે એવી શંકા ભરેલી વાત કરે છે, તેમજ ભુપતસિંહ આવતાં તેને યોવનસેનાં હલકા કુળની છે અને તેની સાથે અવિચારે લગ્ન કર્યું છે તો પસ્તાવું પડશે; એવું જણાવે છે, ભુપતસિંહ બાળાના આ બોલોને અપમાન સમજી ગુસ્સે થાય છે, યોવનસેનાં જે છાની રહી આ બધું સાંભળતી હતી તે આવી રાજાના ક્રોધાગ્નીમાં ધ્રુત હોમવા જેવા વાકયો કહી રાજાને ચડાવે છે રાજા ગુસ્સે થઇ કમળાને ધમકાવે છે, પણ સત્ય બોલનારી બાળા પીતાજી અંતે જાત તેવી ભાત, અને સંગત તેવી અસર થશે એમ કહી પોતાના અવાસમાં ચાલી જાય છે, ભુપતસિંહનું રીસમાં જવું યોવનસેનાં પોતાના વિચાર પાર પાડવામાં રાજાનો ક્રોધ પુષ્ટી દાયક સમજી ખુશી થતી ચાલી જાય છે, કમળા બ્હાર આવી વિમાસે છે, તેટલામાં તેને કશ્રમુખી આવી.

જોરાવર સાથે સબંધ જોડવાનું કહે છે. કમળા ગુસ્સે થઈ તેને લપડાક મારી કાહાડી મુકે છે. કમળા એકલી વીરહમાં વિચારલીન, સખીયોનું ટીખળ, સૌનું માહાદેવજીના દર્શનાર્થે જવું.

૩—ધીરેશ્વર મહાદેવનું દેવળ, શીવરાત્રીનો મહોત્સવ, મહારાજા ભુપતસિંહનું દર્શન કરી પ્રધાન પુત્ર નવલચંદ્રને, કુમારીની સંભાળ રાખવાનું કહી જવું. જોરાવરસિંહ, તરકટલાલ સાથે કમળાને બળાત્કારે ઉપાડી જવાની સંતલસ કરે છે, અને ઉપાડી જવા ચારનીશાચરોને મોકલવાનું કહી રવાના થાય છે, દારૂડીયો તરકટલાલ, દારૂનો શીશો લઇ દારૂ પીવા બેસે છે સદાચારી ડોસાનું સમજાવવું, તરકટલાલ ધક્કો મારી લઇ જાય છે. કુમાર કુસુમસેન પીતાથી રીસાઇ અહીં આવે છે, તેને તેનો મીત્ર નવલચંદ્ર મળે છે, ભુપતસિંહ અને અનુપસિંહને અણબનાવ હોવાથી કુસુમસેનને રહેવા માટે ગુપ્ત જગ્યાની ગોઠવણ કરવા નવલચંદ્રનું જવું, કુસુમસેન દેવળના ઓટલાપર આરામ લેતાં ઉંઘી જાય છે. તરકટલાલ દારૂના નીશામાં, દાગીનાના લોભથી તેને ઠાર કરવા. એક લાકડી ઉગામે છે, આં તેનો ડોસો આવી તેમ કરતો અટકાવી અંદર લઇ જાય છે. કમળા સખીયો સાથે રમતી અહીં આવે છે, ગરબો લે છે, અને પછી સંતાકલો દાવ. એવી રમત રમે છે, કમળાપર દાવછે તેથી સખીયો તેની આંખે પાટો બાંધી નાશી સંતાઇ જાય છે, કમળા તેને પકડવા દોડતાં અચાનક કુસુમ કુમારને જોતાં પ્રેમાધીન, રાજ્યબાળા, તન અર્પણની નીશાનીમાં વરમાળ રૂપે પુષ્પમાળ ઉપ્રતા કુમારને આરોપી એક ચીઠ્ઠી લખી તરવારે લટકાવે છે, વાર થવાથી સખીયો આવી આ બધું જુવે છે. કમળા વાત ફેરવે છે જોરાવરના મોકલેલા નીશાચરો ભયંકર વેશમાં બાળાઓ પાછળ પડે છે. કુસુમસેન આ ઘોંઘાટથી જાગ્રત થઈ દુષ્ટોનો નાશ કરી કુમારોને બચાવે છે, કમળા બીકથી કુમારને વળગી પડે છે. કુમાર પ્રેમલીન, નવલચંદ્ર

આવી પહોંચે છે. કુમારની આંગળી પકડી લઈ જાય છે, સખીયો, કમળાને વિખુટી પાડી બીજી તરફ લઇ જાય છે.

૪—ગફલશા માધીયા સાથે, માધીયાને કન્યા પરણાવવા જુઠો દસ્તાવેજ કર્યો છે એમ જણાવતો દાખલ થાય છે, માહાજનનું એકઠું થવું. ગફલશાની બનાવટી ખત માટે ફરિયાદ, માધીયાના બોલપરથી ખત બનાવટી છે એવું સાબીત થાય છે, છેવટે ગફલશા નગરશેઠની પુત્રી કીશોરીનું માગું માધીયા માટે કરે છે, નગરશેઠ તેને તીરસ્કારી કીશોરીનું વેવીશાળ નવલચંદ્ર સાથે કરી સૌ જુદા પડે છે.

૫—કીશોરી નવલચંદ્રના મોહમાં પરાધીન, સખી સમજાવેછે, કૃશ્નમુખી આવી કુસુમસેન કયાં છે તેની યુક્તિથી બાતમી લઇ જાય છે. સખી આવી, નવલચંદ્ર સાથે વેવીશાળ કર્યાની શુભ વધામણી દેછે. કીશોરીનું હર્ષીત વદને જવું.

૬—યોવનસેના અને જોરાવર કમળાને ભોળવવાના ઘાટ ઘડે છે, કમળા આવે છે જોરાવર કમળાને, કાલાવાલા, આશા, અને ત્રાસ બતાવી પોતાનો પાપી વિચાર જણાવે છે, દ્રઢ મનની કમળા નહી ડરતાં, કટાર કહાડી મારવા દોડે છે, તેવામાં રાજાને આવતો જોઈ યોવનસેના, વાત ફેરવી બુમો મારે છે કે મને મારી નાંખી કોઈ દોડજો, અને રાજાને કુસુમસેન વિશેની વાત કહી ચડાવે છે, રાજા ક્રોધાન્ધ થઇ કમળાને ધમકાવે છે, કમળા નીરાશ થઈ પોતાને મ્હેલ ચાલી જાય છે, ભુપતસિંહ, કુસુમ૦ તથા વિવેકચંદ્ર અને નવલચંદ્રને પકડી કેદ કરવાનો જોરાવરસિંહને હુકમ કરે છે, જોરાવરનું જવું, યોવનસેનાં કૃશ્નમુખીને કમળાને મ્હેલ ખબર કહાડવા મોકલે છે.

૭—પ્રેમમાં પીડાતો કુસુમકુમાર, કમળાની પ્રેમ પત્રિકા વાંચે છે, નવલચંદ્ર આવી. જોરાવર તેને પકડવા આવે છે એવું જણાવે છે, અને તેથી કુસુમસેનને જોગી વેશે રવાના કરે છે, બાદ, જોરાવર આવી વિવેક૦ નવલ૦ ને કેદ કરી મનાવે છે. પણ મીત્ર ધર્મ બજાવનાર નવલચંદ્ર માનતો નથી, તેથી બંન્નેને કેદ કરીલઈ જાયછે.

૮—કમળાસખી સાથે પ્રેમીનું ચીંતવન કરતી, વિરહમાં ઝુરે છે સખી શાન્તવન કરે છે, અને બગીચામાં જાય છે, કૃશ્નમુખી કુમારની ખબર લેવા આવેલી કુમારીને નહીં જોવાથી કુમારીનાજ આસનપર ઊંઘી જાય છે તેવામાં કુમારીને ઠાર કરવાનો લાગ શોધતી યોવયસેનાં છરી લઈ છુપાતો છુપાતી આવે છે. કૃશ્નમુખીને કમળા સમજી ઠાર કરે છે. ખબર પડતાં પસ્તાય છે, રાજાનું આવવું, કૃશ્નમુખીના ખુનનું તહોમત કમળાપર ઢોળી પાડે છે, ભુપતસિંહ કુમારીને ઠપકો દેવા બગીચા તરફ રવાના.

૯—બગીચો. કમળાને પ્રેમીની ઝંખના, દાસી કુસુમસેનની ખબર કહાડવા જાય છે, કુસુમ બગીચામાં છાનો આવી બાળાની પ્રેમ પરિક્ષા જુવે છે. કમળા પ્રેમીને યાદ કરતી વિરહમાં બેભાન, કુસુમ આવી મળે છે, સહર્ષમીલાપ, દાસી ગાંધર્વ લગ્નથીજ બંન્નેનો હસ્ત મેળાપ કરાવે છે, એવામાં રાજાનું આવવું, આ બનાવ જોઈ રાજા ક્રોધાન્ધ થઈ કુસુમને ઠાર કરવા દોડે છે, કમળા વચમાં પડી સમજાવે છે, દરબારીયોનું આવવું. રાજા કમળા અને કુસુમને ધીરપુરની હદ પાર કરે છે.

બીજો અંક.

પ્ર–૧—ગફલશાનું ઘર, જમના, તરકટલાલ સાથે ઘરમાંથી તમામ દાગીના અને પૈસા ચોરી નાસે છે. ગફલશા દીવાન પકડાયો તેથી મનોરથ સફળ થશે તેના વિચારથી હરખાતો આવે છે, પણ ઘરની રીતભાત જોતાં હાય ઓયના પોકાર કરતો છેવટે દેવાળું ફુંકી માગતાવાળાઓના પૈસા ખોટા કરે છે. રાજાનું આવવું, માધીયાના લવારાથી રાજાને રાણી યોવનસેના વિશે શકમંદ ચીતે જવું, ગફલશા બૈરીની શોધમાં નીકળી પડે છે.

૨, વિવેકચંદ્ર અને નવલચંદ્રને તોપને ગોળે ઉડાવી દેવાનો રાજાનો હુકમ, જોગણી વેશે કમળાનું આવવું, જોરાવર તથા સિ-

પાછયો મોહાંન્ધ; કમળા લાવેલ કેફી ખાવું ખાઈ બે ભાન, થથડા લથડી, વિવેક૦ તથા નવલચંદ્ર કમળાના હાથથી બંધનમુક્ત, અને બંન્ને રવાના; કમળા મોહાંન્ધ મુરખાઓનાં મોં રંગી રવાના; જરા શુદ્ધી આવતાં, જો ગણીની ઝંખના કરતો જોરાવર તથા સિપાઇની ગમ્મત.

૩. જંગલમાં વીવેકચંદ્ર અને નવલચંદ્ર આવી કુસુમસેનને મળે છે, પણ કમળાને વાર થવાથી અધીર મનનો કુસુમ વીવેકચંદ્ર સાથે તેની ભાળમાં નીકળી પડે છે, નવલચંદ્ર એકલો નીરાશ થઈ જોગી વેશે ઉંઘેછે કમળાનું આવવું, અને નવલચંદ્ર સાથે ભુલથી શયન કરેછે વીવેકચંદ્ર રાજ્યની ખબર લેવા જાયછે પણ કુસુમ એકલો આવી આ બનાવ જોઇ ક્રોધાન્ધ, બંન્નેનો તીરસ્કાર કરી ચાલ્યા જવું.

૪. યોવનસેનાં કમળા જવાથી હર્ષીત, જોરાવરનું વિચીત્ર ચેહેરે આવવું, યોવનસેના આ જોઇ હસે છે. જોરાવર ગુસ્સે થઈ કમળાની શોધ માટે ચાલ્યો જાય છે, યોવનસેનાં જોરાવરને ખરાબ કરવાની બુરી ધારણામાં, રાજાનું આવવું, યોવનસેના વિશે વ્હેમ ટળી જવો, નીદ્રાધીન, યોવનસેનાનાં રાજાને ઠાર કરી નાશી જવાના ઘાતકી વિચાર, પણ ખાડો ખોદનાર પડે, એ પ્રમાણે પોતાના હાથથી પોતેજ ઘાયલ થાય છે અને તે આરોપ જોરાવરસિંહપર ઓઢાડે છે.

૫. એક વાવ. ધીરપુરથી નાશેલા જમના તથા તરકટલાલ એક બીજાને ઠાર કરવાની નીચ ધારણામાં, કપટ કપટીને ખાય છે, બંન્નેનું મૃત્યું, વૈરીને શોધવા નીકળેલ ગફલશા; દાગીના મળવાથી ખુશી થાય છે; જોરાવર આવી તેને મળે છે, અચાનક પુરૂષના વેશમાં કમળા આવે છે, અને યુક્તિથી આ બંન્નેને એક ઝાડ સાથે બાંધી ચાલી જાય છે. સાપનું નીકળવું. બંધાયલાની ગમ્મત.

૬. મીથ્યારોપથી પરહરેલા મીત્ર માટે પશ્ચાતાપ કરતો નવલચંદ્ર પ્રાણઘાત કરવાની તૈયારીમાં, કમળા આવી તેમ કરતાં અટકાવે છે, અને ચાર મોતી વટાવવા પાસેના શહેરમાં નવલચંદ્રને મોકલેછે. વાર થવાથી તેની પાછળ સોદાગરના વેશમાં કમળાનું ગમન.

૭. શીકારાર્થે નીકળેલ અનુપસિંહની છાવણી, બધા નીદ્રાધીન, જોરાવર તથા ગફલશાનું આવવું, અને તે બન્ને રાજાને ઠારકરી તેની રાણીને ઉપાડી જવાની ક્રુર ધારણામાં, બીજી બાજુ વાઘેણુ રાજાપર તળપ મારવાની તૈયારીમાં, સોદાગર વેશમાં કમળાનું આવવું, બંદુકના અવાજથી વાઘેણુ ઠાર, રાજા જાગ્રત, બંદુકના અવાજની અવળી અસર, કમળાને પકડે છે, પણ ખરીવાત જાહેર થતાં તેને પોતાના દરબારમાં માન પુર્વક લઇ જાય છે, જોરાવર ગફલશાનું જુદા પડવુ.

૮. શાંન્તી ગઢમાં ગફલશા મ્હોટો વેપારી બની પૈસા ધુતવાના વિચારમાં. મોતી વેચવા નવલચંદ્રનું આવવું, નવલનાં મોતી પાડી લઇ એક પેટીમાં કેદ, કુસુમસેન જોગી વેશે, નગર ચર્ચા જોતો અહીં આવી રાતવાસો રહે છે ગફલશા ઉંઘમાં પોતાના પાપી વીચારોનો લવારો કરે છે તેમજ પેટીમાં પુરાયેલ નવલચંદ્ર મીત્રને આશીર્વાદ દેતો વિશુદ્ધતા પ્રકાશે છે કુસુમસેનના વ્હેમનો ખુલાસો, કમળાની કસોટી કરવા કુસુમનું જવું.

૯. વિવેકચંદ્ર ધીરપુરના રાજ્યમ્હેલમાં છુપે વેશે ચર્ચા જુવે છે, જોરાવરની લખેલી ચીઠી પકડે છે; યોવનસેના રાજાને ઠાર કરી જોરાવરને મળવાના વિચારમાં, વિવેકચંદ્રના હાથથી રાજાનો બચાવ. કુટીલ યોવનસેનાનું પોકળ પ્રકાશ થાય છે. ભુપત રાજ્યનો બંદોસ્ત સેનાપતીને સોંપી વિવેકચંદ્ર સાથે જોગી વેશે કમળાની ભાળમાં નીકળી પડે છે.

૧૦. અનુપસિંહનો રાજ્ય દરબાર, ગફલશા તરફથી એક મોતીની ભેટ, સોદાગર વેશે કમળા; પોતાનાં મોતી માટે શક, ગફલશા મોતી ક્યાંથી મળ્યું તે વાત સાંભળવાને પોતાના મકાનપર આવવાનું કહે છે તેમજ સોદાગર કોણ છે. તે જાણવાને રાજાને મકાન પર આવવાનુ કહી જાય છે. કચેરી બરખાસ્ત.

૧૧. ગફ્લશાનું મકાન,નવલચંદ્ર ગુમ થવાથી તેના શોધનાર્થે કીશોરીના પીતાએ મોકલેલ મુનીમનું આવવું, ગફ્લશા ધનદાસને નામે, મુનીમને રૂશવત દઈ માધીયાનું કીશોરી સાથે વેવીશાળ, પણ માધીયાને બદલે પરણવાને કોઈ રૂપ ગુણ સંપન્ન વર લઇ જવાનો ઠરાવ; સોદાગરનું આવવું, ગફ્લશાની યુક્તિથી કમળા સ્ત્રી વેશે જાહેર, .અને કામી રાજા અનુપસિંહને સોંપવી; કમળાની યુંક્તી, બે માસ સુધી દાન, પુન્ય, કરી પછી તાબે થવાની માગણી. અનુપસિંહ બે માસની છુટ આપી કમળાને જુદા મહેલમાં બંદોબસ્ત સાથે રાખે છે, ગફ્લશા માધીયાને બદલે ધીરપુર કીશોરીને પરણવા પેટીમાં જોગોવેશે રહેલ નવલચંદ્રને લઇ જવા સારૂ બહાર કાઢે છે, પણ ત્યાંથી આવ્યા બાદ પાછું પેટીમાં પુરાવું અને આ વાત કોઇને કહેવી નહી.એવું વચન લઇને ધીરપુર જવું.

ત્રીજો અંક.

પ્ર—૧ લો—નગરશેઠ પુત્રીના સંબંધ માટે ચિંતાતુર, મુનીમનું આવવું, શાંતીગઢના ધનદાસના પુત્રને નવલચંદ ઠરાવી કીશોરીનાં લગ્ન કરી દેવાની ખાનગી ગોષ્ટી, કીશોરીની હઠ, સખીયોનું સમજાવવું, અને પરણવા. આવનાર નવલચંદ્રજ છે. એવી ખોટી વાત; કીશોરી આનંદીત, (પરમકૃપાળુ પરમેશ્વર સતીની ટેક, જાળવવા. એજ નવલચંદ્રને મોકલે છે.) લગ્નની ધામધુમ.

૨ કમળા એક ધર્મશાળા બંધાવી. સદાવ્રત ચાલતું કરે છે. જોગી વેશે કુસુમસેન તેમજ ભુપતસિંહ, અને વિવેકચંદ્ર અહીં આવી ઉતરે છે. કામાન્ધ, અનુપસિંહ સતી કમળાને સતાવે છે, અને બળાત્કાર કરતાં અચાનક. કુસુમસેનનું આવવું, પીતા પુત્રને ઓળખતાં ઝંખવાણો પડી, પુત્ર વધુપર આવા જુલમને માટે પશ્ચાતાપ, સતીની માફી માગી અનુપસિંહનું જવું, પ્રેમી જોડાનો સહર્ષ મીલાપ, મીત્રને છોડાવવા ગફ્લશાના ઘર તરફ ગમન.

૩ ગફલશાનું ઘર, ઠરાવ પ્રમાણે નવલચંદ પેટીમાં કેદ, કીશોરી તેની શોધમાં, માધીયાની કીશોરી સાથે જક્ક, માધીયાને તીરસ્કારી કીશોરીનું અંદર જવું, માધીયાની મુર્ખાઇનો નવલચંદ્રને લાભ, પેટીથી બ્હાર નીકળવું, માધીયો પેટીમાં કેદ, નવલ કીશોરીનો મીલાપ, ગફલશા આવતાં બન્નેનું ગુપ્તપણે રહેવું, ગફલશાને પેટી સાથે દરબારનું તેડું, ગફલશાના ઢોંગ, પેટીને બાળી દેવી, નવલને બદલે માધીયાનું ખુન, પાપ પાપીને ખાય છે, પેટીની તપાસ માટે કુસુમ–કમળા. અનુપ વીગેરેનું આવવું, નવલચંદ્રનો મીલાપ, ગફલશાનો પરતાવો, હદ પારની સજા, ભુપતસિંહ તથા વિવેકચંદ્ર, જોગી વેશે ધીરપુરના સમાચાર, જોરાવરને પકડવા બહાદુર કુસુમસેનની સૈન્ય સાથે ચડાઈ.

૪ ધીરપુરની હદ, કાળીકાનું જુનું દેરૂં, ભુપતસિંહ, અને વિવેકચંદ્ર જોગી વેશે, બાતમી લઇને જવું, જોરાવરસિંહ યોવનસેના સહીત દાખલ થાય છે ભુપત૦ તથા વીવેકચંદ્ર ગુપ્તપણે તેને મળે છે, અને અહીંજ પકડવાની ધારણાથી સેના સહીત બધાનું આવવું લડાઇ, જોરાવરનું દેવળમાં ભરાવું, તોપના મારથી દેવળ તોડી જોરાવર અને યોવનસેનાને કેદ.

૫ શાન્તીગઢની હદ પાર કરેલ ગફલશા અને હરખા મુનીમનું મળવું, પાંચ હજાર રૂપિયાની ઉઘરાણી, એક બીજાને છેતરવાની યુક્તિ, અનુપાસંહનું સિપાઇ સાથે આવવું, બુરો બુરાઇ તજતો નથી તેનો દાખલો, ગફલશા, અને મુનીમને કેદ, કરી લઇ જવા.

૬ ધીરપુરનો રાજ્ય દરબાર, સર્વનો સહર્ષ મીલાપ, જોરાવરસિંહ યોવનસેનાં, અને ગફલશાને, પાહાડપરથી ફેંકી જીવ લેવાની સજા, કુસુમ, કમળાનો ફરી હસ્ત મેળાપ, આનંદની અવધી અને ખેલની સમાપ્તી. લી૦ કર્તા.

શ્રી કુસુમ-કમળા નાટકના ગાયનો.

સુત્રધાર— ૧

નમુંસતી, ઉમાપતી, શીવંકર, અતી અતી;
નુતન કૃતીમહીં તુજ શરણું ગતી.
હે તું શુદ્ધ વ્રતી, શુભગતી, પ્રતી, રતી.— નમું.
શિરપર અચળ ગંગધર પશુપતી,
મદનમાર શશીભાલ અખીલપતી;
દુર કરો દુરમતી. સ્થાપો સરલ મતી.— નમું.
વિધવિધ વિષયથી, ખેલ નવ રસથકી.
ભજવવા ભાવ અતી, વિભુ તુજ સાહાયથી;
માગું એટલું મનથી, રસનાદે રસવતી.— નમું.

યોવનસેના— ૨

છે અજબરંગ યોવનના, થનગનથનગન મનને નચવે.
અનંગ–રંગ.
સદન સુંદર સાગરમાં જોબન ભરતીના નવરંગ.
મદન મગર મસ્તાન બનીને મચવે તનથી જંગ— રંગ
ખરે જુવાની, કરે દીવાની, ભોગી વિણુ મનભંગ;
શુદ્ધ, શાન, ને ભાન ભુલાવે, ઢંગ ન અંગ ઉમંગ—રંગ.
ખાવું, પીવું, સુવું ન ગમે, લગની પ્રેમ પતંગ;
ગમેજ લપટાવું ગમતાશું, અંગથી, અંગપલંગ— રંગ.

૩

ગફુલશા—હું હોંશીયાર, ખબડદાર, મારા જેવો થાજો બેટા.
બાધીયો—મોરઈડા શું ? ચીતરવાં, વડ જેવા હોય ટેટા—હં

ગફૂલશા—અગડમ, બગડમ, વાળીગોટા.
માધીચો—ધુતી ખાવા, નાના મોટા.
ગફૂલશા—દડવડ દડવડ મારી દોટા.
માધીચો—લેવા ત્યાં દેવાના તોટા.—હું
હું બાપા એક ઘોડાગાડી, ને પરણાવો ફક્કડ લાડી.
કદી રીંસાયે થૈને આડી, ચટ્ટ મનાવું જુવતી જાડી.
ગફૂલશા—[સૈ મનાવ જોઇએ, જાણે કે તું લાડોને હું લાડી,
થઈ બેસુંછું આડી.]
માધીચો—વ્હાલી બોલો વારી જાઉં.
ગફૂલશા—ઉંહુંહુંહું ઉંહુંહુંહું.
માધીચો—સુંદર દાગીના પહેરાવું.
ગફૂલશા—ઊંહુંહુંહું, ઊંહુંહુંહું.
માધીચો—માને છે કે માર અડાવું.
ગફૂલશા—હા હા હા હા માની જાઉં.
માધીચો—આ એમ, હા એમ, હં એમ—હોંશીયાર.
સખીચો— ૪
રમણી, રીસાળ રસીલી જરી સુખહસ,
અધીરી શું આમ બની પીવાતું રતીરસ;
કમળા— છટેલ છટ જા છેડે છટેલાં શું બોલે વેણ.
સખી૦—વાહ ? વાહ !——રમણી.
કમળા— યોવન ઉદ્દધી ઉલટયો, સમીર રમર તોફાન.
દેહનાવ ડગમગ થયું, કાચે તાંતણુ પ્રાણ.
કાગડીની હાંસ, અને દેડકીનો જીવ જાય.
સખી૦— પ્રેમના પથ્થર તળે, દેડકી જુઓ પીડાય.
કમળા—ભમરાળી ભુંડણ જા દુરે ખસ,
સખી૦—વાહ ! વાહ !—રમણી૦

કમળા— પાવક પ્રેમ પ્રજાળ તો કુસુમકળી સમકાય.
કામ ઝાળમાં હું બળુ, સૈયર હાંસી થાય,
રોગીની પીડા ને રોગી સમજશે;
સખી૦— પ્રેમના ઉછાળ રસપાને વિરમશે,
કમળા— ભમરાળી ભુંડણુ જા દુરે ખસ,
સખી૦— વાહ ! વાહ !—રમણી૦

૫

જનમંડળ—મદનારી પ્રેમે વંદી મદનારી પ્રેમે વંદીએ,
મદનારી શીરનામી, સ્વામી, જય ગુણુગ્રામી—ટેક.
મંગળ મુર્તી દેવ, સ્નેહે કરીયે સેવ.
ભાલ સુધાકર, સુખકર, ભવભયહર વર,
કંઠકાળધર, શીરગંગે— મદનારી.
ત્રિપુરારી તનતાપ, કાપો પાપ અમાપ,
આનંદ આપો, દુઃખદળ કાપો;
શાન્તી સ્થાપો, અંગે અંગે—મદનારી.

કમળા તથા સખીઓ. (ગરબો.) ૬
સજની રૂડીરજની, સોહામણીરે લોલ,
વહેસમીર શીતસુગંધસંગ આ પ્રસંગ, બાળાઅંગમારે લોલ;
સનનનનન મદન શરો વાગતાંરે લોલ.
લળી લઘુકળી સમ રસ ભરીનારરે,
રતિ રસબસ રસીલી, રંગરાતી મુગ્ધબાળરે;
મદભદી મધુરનયની અદુલ મુખે ઝંખતી,
કાન્ત, કાન્ત, જપે કુસુમિત માળરે—રતી૦
સુમન સય્યાપર સુંદરી આળોટે ઉદાસ,
વિરહી વનિતા વલવલે નાખી મુખ નીશ્વાસ;
ઝબકી જાગેરે વનિતા વીરહી ઝળકી જાગેરે,
પાતળીયા વિણુ, સદન કાઝે મદન આગેરે.

રસીક રાગેરે મધુરી મેનાના રસીક રાગેરે,
કાળજંડુ થાય કાણું કામ કુતુહલ જાગેરે;
પાયપીયે રસ વેલીયો, વળગી તરૂવર અંગ,
મધુરસિક મધુકર વળી, ચુસે રસ નવરંગ.
વેલી, ચમેલી, ખીલેલી, ઝુકેલી, ને લતાઓ ફુલડાથી ભારેનંગે
જોતાં નવેલી, ચળેલી બનેલી, ને યોવન છકેલી દીવાની ભમે
પ્રેમમાં ઝુરે ઘેલી વનિતાય, યોવને આતુર થતીરે,
ચાલ ઉઠય ઘેલી કરાવ રસપાન કહીને બેઠયા પતીરે.
રસીક મચ્યો રંગે રતીરસ જંઘ,
આહાહા ! સખી આજનો દિવસ નવરંગ—

૭

સખીયો—અરે આહા ! આહા ! જુવો જુવો રસઘેલી ફીતુરીનાર
એતો જાણ્યું જાણ્યું છણકારી, છબીલી તું છળબળ મેલ,
કમળા—અલી જાને જાને ટીચુકડી શું તે જાણ્યું ચુપ તું ચગે
સખીયો—અરેવાહ ! અરેવાહ ! અરેવાહ ! જોજો ચાતુરી,

રસીલી સખી—જો.

શાણીકળી તુ રંગાણી દીસે રંગને જમાવી,
સાચું બોલ્ય આવી કીયા ભમરને લલચાવી;
કમળા—બાળ્યતું નઠારી બોલી, મુખી કઢંગી આવી,
સખી૦—અંગવાડી ફુલીફાલી.
કમળા—સતાવો શું ? ઠાલી ઠાલી.
સખી૦—ધુતારી તું ચામાં કાલી,
કમળા—હુંતો ભોળીભાલી આલી;
સખી૦—લીયો-જાણ્યું. આહા. વાહવા,
અલી લચકાતી મદમાતી શોધ્યો તેંતો ગુણિયલ છેલ.
કમળા—આલ્યો તેમ હવે શું છે. મચકારી ચાળા ચીડાવાની કે

૮

ગફ્લશા—જોજે જરૂર આનોવાળું હું બદલો,
વેર હાલ લઊં સાચું હું કહું બેટા વરાવુ વઉ.
માધીયો—વાહ ! વાહ ! વાહ ! વાહ ! આહાહાહાહા જોજે,
ગફ્લશા—સાચાંખોટાં ખતહાથે બનાવું, ડાજા પાસે ફરીયાદ અડાવું;
માધીયો—વાહ ! વાહ ! વાહ ! વાહ ! આહાહા હાહા. હંબાપા
હંબાપા હંબાપા એજ—

કીશોરી—

૯

શું કહુંરે બેની સાંભળરે બેની ચરર ચરર મમ ચીતમાં થાએ,
શુદ્ધ, બુદ્ધ, તે શાન જતી રહી, વિકળગતી આશી જાણું નહુંકંઈ;
જાણું કે છઉ સખી હુંતે સ્વપ્નમહીં, આતે દિવસ છેકે
ઘોર નીશા થઈ.
સમિર સરેછેકે અગ્ની ઝરે અહીં, વસુઆવાસેકે ઉભી અરણ્ય મહીં.
બેનબાવરી આતે શુ હું થઈ, કે સખી પલકમાં પૃથવી પલટીગઈ
કંટકકે પટકુળ સુંવાળા, ભુજંગભયંકર, કે ફુલમાળા.
વપુથરથરે બાઈ સમજું નહું જરા, નક્કી કુસુમા યુદ્ધ કરશે
પ્રલય ધરા.

સખીયો—

૧૦

લટકેથી ચાલ્ય જરી લટકતી ચાલ, રસિક રીઝવીશ કેમ ?
તે તું બતાવ.
ઝાંઝર ઝણુકાવ્ય સખિ ઝાંઝર ઝણુકાવ્ય, મોહન મનાવીશ કેમ?
તે તું બતાવ.
કરને લ્હેકાવ, જરી કરને લ્હેકાવ, વાલમ વશ કરીશ કેમ ?
તે તું બતાવ.
નખરેથી અણિયાળી આંખડી નચાવ, પ્રેમો પઢાવિશ કેમ ?
તે તું બતાવ.
કીશોરી—ચપ ચપ મુક્ય બાવલીરે, શાણી શરમ શું નાવે.

સખી૦—ઉંહુંહું ઉંહુંહું આવડીરે, છણુકે કોને ડરાવે.
કીશોરી—જાજારે જા અલી ઘેલડીરે, વ્હાલી વાત જવા દે.
સખી૦—હાંહાં. હાંહાં. રસ વેલડીરે, મારા સમ છે થવા દે.
કીશોરી—લીયો આ લટકો, ચટકો, મટકો, આંખડલીનો નખરોરે.
સખી૦—વા વા વારે. આહા હા.
કીશોરી—લીયો આ છણુકો, ઝાંઝર ઝણુકો, ઠમકો, ઠમકો, ધમકોરે.
સખી૦—વા-વા-વા રે. આ હા-હા.
જો જો આ લટકાળી ચટકાળી બાળ, ચાલી મનાવવાને મદન કુમાર;
યોવન ઉભરાતી, મદમાતી, મૃણાલ, ચાલી પીવા પ્રેમ સુધા રસાળ.
જોરાવરસિંહ—

૧૧

આહા ! અલબેલડી આવી વાવા દીલજાન અરે વાવા.
અધરરસ શેલડી ચુસીબનું ગુલતાન આહા હા હા.
મધુરી વેલડી મદમાતી એ મસ્તાન, અરે. વા વા.
આવી રસીકડીરે ગોરી નાજુકડીરે.
ફરૂડ આ ફાંકડાપર કરતી નયનો બાણ અરે જો જો,
ગુલાબી યોવન ખીલ્યું મદનભર;
ચતુરાં ચ્હેરો જાણે સુધાકર,
ફાંકડી ફક્કડ, ચાલે અક્કડ લટકે ચટકે, આહા હા.

૧૨

જોરાવરસિંહ—પ્યારી પ્યારી (૩) રસીલીરે પ્રીતી રસ પા તું મને.
કમળા૦—તારી તારી (૩) ખુવારીરે થશે સતીવત હને.
જોરાવર—શાને શાને (૩) છબીલીરે મને મન ભંગ કરે.
કમળા—જાને જાને (૩) હરામીરે આંખોમાં શું ધુળ ભરે.
જોરાવર—બેટો બેટો (૩) ભાવેથીરે ભોગી સંગ રંગે રસે.
કમળા—છેટો છેટો (૩) છટેલારે પાપી શ્વાન આ શું ભસે.
જોરાવર—વારૂં વારૂં (૩) હું તન મનરે આગોરા બદનપરે.
કમળા—તારૂં તારૂં (૩) હલ્રાઇરે દે બાળી આતન અરે.

કમળા ૧૩

સત્ય કહું વાત વિચારી, પીતા કરી ચંદનની ક્યારી;
રોપી મહીં ડુંગળીની ડારી, સીંચ્યુ સરસ સુવાશોતવારી—અરે.
તોય નહીં ગઈ-દુરગંધ કંઇ-હતી તેજ રહી જાત તેવી વાસ નઠારી
તેમ દુધ સાકર સાપને પાઓ ભલે.
પણનાં રજે-વિષને તજે-ક્રુર અતિ જે-ડસતાં નાખશે મારી;
પીતા દીન પુત્રીને પાપી ગણો છો ભલે.
માનો ખરીવાત-આ મમ ગાત જાત તેવી ભાત પાડી હ્રદયે તમારી.

૧૪

ભુપતસિંહ—હાય ! મારીને, કાપીને, છાકીને, છુંદીને, પાપીને પ-
હોંચાડુ પાર.
જોરાવરસિંહ—હાય ! ઝાલીને, ઝાલીને, ઝીંકીને, વીંખીને, રજમાં
રોળું આ વાર.
લુણ હરામીયે રાજ્ય દ્રોહી થતાં કર્યો ન કાંઈ વીચાર—
માનમાં એ મસ્તાન બન્યો અભિમાનમાં અંધ ગમાર.
ભુપતસિંહ—જગાવી વેરની ઝાળ અતી વીકરાળ આણું એનો કાળ,
નીચ ગમાર, પાપી બદકારને બાંધી કરો ધરા પાર આવાર

યોવનસેનાં— ૧૫

હાંરેહાં (૧) સુણી વાણી મગરૂરી ભરી હાય, લાય, લાગી તનમાં,
જાત ભાત ખરેખાત દેખાડું, વેર તણો ઝેરી સ્વાદ હમણાં ચખાડું;
છકી માનમાં-ભુલી ભાન કાં લઉ જાન હાં ત્યારે તનમાં ઠરે મનમાં
અહીવેર કરી નહીં ખાટે તુંઉદરડી લોહી ચૂસી પીઉ હાય ડેકું નાંખી મરડી
તીખી છરીઆ-રૂધીર પીવા-તત્પર હાં-હવે છોડું ના અરે-હાંરેહાં—

કુસુમસેન— ૧૬

લાગી તન પ્રેમ અગનની ઝાળ, ચતુરા ચપળ ચક્ષુ ચમકાર;
પ્રેમ લગનની અગન ગજબ આહા ! ઝાળ ગગનમોઝાર.
ચણુણ, ચણુણ, તન મન બાળે પણ ધુમ્ર નહીં તલ બાર.
વીના અંગાર—કલેજા પાર—લાગી૦

લલિતાંગી લલના મૃદુ હસતી વહતી વીણા લલકારરે,
લટકે, ચટકે, ચીત વીત લૈ ગઇ, મુકી પ્રેમ અંગારરે;
મથું વિસરવા પણ હૃદયે કરે ઝાંઝર ઝણુણકાર,
અનંગ ઉછાળ—હૃદય મોઝાર—લાગી૦

૧૭

કુસુમ૦—હેમીત્ર તું પવિત્રબંધુ છેલ્લા રામરામ.
નવલ૦—સધ સિધાવજે દુઃખ સમાવજે બાઈ. રામ રામ.
કુસુમ૦—પ્રાણ જાય હાય છોડતાં એ હૃદય દામ.
નવલ૦—વિનતી મારીને સ્નેહે સ્વીકારીને જાતું છોડી ઝટ ધામ.
કુસુમ૦—ચતુર ચંદ્રમુખી સંસાર સુખધામ.
જતાંજ હાયમુકી હારૂં હૈયાની હામ.
નવલ૦—ધૈર્ય ધરી થા સુખી સંભારી સુંદર શ્યામ.
નહીંજ થા તું દુખી મેળવશે એ શ્રીરામ—

વિવેકચંદ્ર— ૧૮

ફરે તું ફુલી અધગમાર પાપ મદમાં છકીરે,
ખરે પણ પાપ ધડો ચંડાળ ફુટતાં વાર નથીરે;
તુટતાં વાર નથીરે મરે શીદ મથી મથીરે,
મદમાં મર્કટ મસ્તબની શું ? મા. આ. આ. આ. લે વળી.
જો દુર્યોધન જેવા નાખ્યા. કા. આ. આ. આ. ળે દળી.
તો તું કોણ ? વિચાર્ય—ફરે તું—
મગરૂર ઉંદર પાપમાં ખોદે ધરમનો રાફડો,
પણ પાછળથી પાપસાથ કરે ઊંદરનો કાકડો;
અરે પાપસોમલ સ્વાદમાં મીઠો ખરો પણ ઝેર છે,
વિષ વ્યાપતાં વપુ નાશ કરશે ધર્મ અમૃત લ્હેર છે.

નવલચંદ્ર— ૧૯

શરણ સત્યપણ તારે કર સાહાય ત્રીભુવન સ્વામી. (૨)
નથિ અવર ઓથ અવિનાશ અરે અંતરયામી;

સહે શીશુ અતી સંકષ્ટ અને સારંગપાણી,
શું ? સુતો સુરત થઇ આમ વિભુ સોડજ તાણીરે. (૧)
ભક્ત વત્સલ ભગવાન (૨) તમે છો ત્રિપુરારી. (૧)
કરો બાળ રખવાળ કૃષ્ણ ગીરીવર ધારીરે. (૨)
આ મદાન્ધ મ્લેચ્છ ઘાતકી બની ઘોજારો,
મારવા મથે પવિત્ર બાળને હત્યારો;
ચિત્ત ધરીને ધર્મ મીત્ર બાળને ઉગાર્યો,
ધર્મીને ત્યાં ધાડ હરી ન્યાય શું ? એ તારો.
કુંભાર નીભામાંય (૨) બાળ બીલ્લી કેરાં. (૨)
પ્રગટી પુરૂષોત્તમ બચાવ્યાં તે વેળાં,
સગાળશાનો સુત (૨) સજીવન તેં કીધો (૨)
વસુદેવ ઉદ્ધારી કંસને દંડ દીધો.
તાર્યા જીવ અનેક (૨) દુષ્ટને તેં દળીયા. (૨)
મીરાં બાઇનાં વીષપાન અમૃત કરીયાંરે. (૨)
અને આ દીનદાસનો નાશ થશે, વળિ પાપી જો પાપમાં ફાવી જશે,
પ્રભુ પૃથ્વીથી તારી પતીત ટળશે, જગનાથ જગત તુજને હસશે.
સચરાચર સ્યામ કરૂં વિનતી, નવજો લઘુબાળના પાપપ્રતી.
દારૂણ દુઃખ દયાળ (૨) દાસનું દીલ જાણી. (૨)
તાત ત્વરિત ચડપવારે સુણી આ દીનવાણી—

૨૦

કમળા—સખી સલુણાની સુંદર યુવાની ચીતમાં રમે,
છટા છબીલાની ગળાવે ગુમાની દીલને દમે.
સખી—રસીલી થવાની કાંતો તું દીવાની ઉંહું શું દમે.
કમળા—પ્રેમ પીડા પરખે ન લગાર.
સખી—ઓય ! જો જો પ્રેમનો વળગાડ—
કમળા—કામ કઠોર કુસુમ શરોમહી કાળજું કોરે બેન આવાર.

૨૦

સખી—ધીરી તું થા અલી અંક લઈ અલબેલો બોલાવશે કામ જવાબ.
કમળા—ચુપ અલી.
સખી—જૈશ ચળી.
કમળા—કાંઈ નથા.
સખી—ઝુરે વૃથા.

૨૧

કુસુમ—રેશ્યામા શરમાળાં, મધુરી મદન માળારે.
કમળા—ઊંહું.
કુસુમ—ભેટો વ્હાલાં.
કમળા—ના ના.
કુસુમ—મુકો ચાળા. લલિતા લજ્યાવાળાંરે—
કમળા—[મને મુકી દીયો મરમાળા.]
કુસુમ—[શરમ મુકી દીયો શરમાળાં]
કમળા—હાં હાં (૨) હઠો લાલા.
કુસુમ—પાઓ પ્રીતીના પ્યાલારે—
કમળા—(હઠીલા હઠ જવા દ્યો.)
કુસુમ—(રસીલા રસરીત થવાદ્યો.)
કમળા— લ્યો લ્યો (૨) જી લટકાળા.
કુસુમ—વા વા પ્રીતીશાળારે—
દરબારીયો— ૨૨
મ્હારાજ કરતાં આવું, પાછળ પડશે પરતાવું.
ભુપતસિંહ—શત્રુને હાય સંહારૂં, બસ નહીં હું છોડનાર.
દરબારીયો—ધરી રેમ રાયધો માફી.
ભુપતસિંહ—ના છોડું લઊં શીર કાપી.
દરબારીયો—જગમાં ગણાશો પાપીરે લાવો કાંઈ વિચાર.
ભુપતસિંહ—અરે હાય ! હઠીલી તારાં, ચિતલાય કલથી કાળાં;
લાચાર હલાથી બાળા, પણ જા કરૂં હદપાર.

અંક બીજો.

ગફલશા તથા માધીયો— ૨૩

વા વા વા વા દીવાળું, મ્હેનત વોણુ ધન પરબારું.
દેવટ દગડા રળવાનું; છે સાધન વાહ મજાનું.
ખુબ માલ લૈ ખાતે નામે, નગરશેઠ બનવાનું,
ખોટ ગયે ઘર સાજું રાખી ફડડડફ દીવાળું.
હં. દાટી સા ધરાણું, હં. સંતાડીને નાણું—વાવા.
સિદ્ધ, સાધુ, કે જોશી, ડોશીનું ધન હોઇયાં કરવાનું,
થાપણ્ ઓળવવાનું લ્હાનું ફડડડફ દીવાળું—વા. વા.
ફુંકયું કે પછી પુત્ર નામની જમાવીયે દુકાનું;
અનગળ માલ લઇને પાછું ફડડડ ફુ દીવાળું—વાવા.

વિવેકચંદ્ર— ૨૪

નવલચંદ્ર—

જુવો કેવો છે કાળ આ પાપી ફાવે પાપ જાળમાં,
ગાન મેળવે છે જુઠ, (૨) ઠગબની બેસે ઠુંઠ, ઢોંગી કરે ધન લુંટ,
ફાંસીયા ફાવે છે બજારમાં ઠામ ઠામ ફાંસીયા—જુવો.
સંત, સાધુ કુટાય; (૨) પુંજા પાખંડીની થાય, ધુર્ત ધરાધુતી ખાય.
જુલ્ગી છે સુખીયા સંસારમાં, આજ કાલ્ય જુલમી૦ —જુવો.
હાય રાંકડાં રીબાય (૨) સુખી મારતાં મીયાંય, વિદ્યાવાન હવા ખાય.
દારૂડીયા માન દરબારમાં, આજ કાલ્ય દારૂડીયા૦ જુવો.
ધર્મ ગયું ધરા બ્હાર (૨) દંભ, દગો, વ્યભિચાર. વધ્યા વિશ્વમાંઅપાર,
દુનિયા ડુબી દુરાચારમાં, હાય હાય દુ૦ જુવો.

કમળા— ૨૫

જોઇ છટા ન્યારીરે, પ્રેમકળા તારી, પ્રેમકળા તારીપર,
જાઉં બલિહારી.
પ્રેમ પથના પારખુરે દેખું વીરલાજન;
શ્વાન મન સાકર કશી, મુરખ હાથ રતનરે.

શુદ્ધ હૃદયના પ્રેમીને જો મળે પ્રેમી સુજાણ;
રસીક રંગ રસ આગળે, ઈંદ્ર ભુવન તુચ્છ જાણુરે.
યોવનપુર અલબેલડું મહીં વસે કામ રાજન,
મન હસ્તીપર મ્હાલતો, ખોળે રસિક પ્રેમ રતનરે;

જોરાવર તથા સિપાઈયો— ૨૬

હાંરે મારી રસીક દીલદાર હાં હાં.
વારે ગોરી ગોરી ગુલજાર, વા વા;
મોહીની લગાડી મીઠી નજરે છબીલીનાર.
જોબન મદ માતી રંગ રાતી રસીકડી જોગણી તું જાદુગાર,
નાજુકડી, નખરાળી, લટક ચટકથી બાયો બનાવ્યો આવાર;
કમળ મુખી કરલ્હેકા કરીને મારી તેં કામની કટાર,
વા વા જોગણી મારી તેં કામની કટાર (૨) મો.

કમળા— ૨૭

જાગોનાથ, ગ્રહી હાથ, ભોગી ભીડો બાથ સાથ,
નીશા શાન્ત, માં એકાન્ત, પીડે છે કામ કૃતાન્ત;
રાંકડી ગરિબડી ગોરાને સાલ્યબા. જાગો.
ચુંબક જોઈ લોહ, દુરે કેમ ? રહે.
રોકી રહે કેમ ? સરીતા સાગર મળે,
તાલાવેલી તેમ પ્રેમ પીવા સાલ્યબા. જાગો.
પતી પ્રેમ પીવા, પાવા અધીર હતા,
શો દોષ દેખી રસીયાજી આમ સુતા.
કેશું ? બીજી ભુડીયે ભમાવ્યા સાલ્યબા. જાગો.
યોવન અશ્વે બીરાજી રસીક પતી,
નમેરા મદન સેન્ય સામે લડીને અતો;
ઉગારો પીડાથી પ્રાણ જતા સાલ્યબા. જાગો.

કમળા— ૨૮

વ્હેમ લાવો નહીં વનીતા ઉપર વ્હાલા.

કુસુમ—તને ધોક તને છે.

ચુપ ચંડાલણી મુકયને ચાળા, હાય તને ધીઃક રંડા ધીઃકછે
કમળા—પતી પ્રાણાધાર, નથી ગુનેગાર, શુદ્ધ સતી નાર;
કુસુમ—હા. આ. આ. આ. જોઇ સતી થઇ છતી.
કમળા—પ્રભુ ગણી જપતી પતી માળા તેને આમ,
કુસુમ—ધીઃક તને ધીઃક છે.
મુખ મીઠું અને મનની કાળા, હાય તને ધીઃક રંડા ધીઃકછે.
ભુંડા માંહે ભુંડી નારી જાત લુંડી નર્કની છે કુંડી;
કમળા—આ. આ. આ. આ. ભુલો પતી પાપી નથી.
સુખે દુઃખે પતી ભાગ લેનારી ભોળી ભામા;
કુસુમ—ધીઃક તને ધીઃક છે.
પાણી કરીને પીનારી જગતને લુચ્ચી નારી જાત તને ધીઃકછે.
કમળા—પ્યારા નથી પાપી વ્હેમ છે તથાપી જાઓ શીર કાપી;
કુસુમ—હા. આ. આ. આ. દુષ્ટમતી શુ છે અતી.

૨૯

ભુપતસિંહ—તારી મગરૂરી હું ઉતારૂં (૨)છકેલા બ્હેકેલાફાટેલામાતેલા.
બહુમાને મેં ચડાવ્યો જીવ લેવા તો તું આવ્યો છકેલા૦
યોવનસેના—શ્વાન સ્નેહે સ્વામીએ નુકશાન,સાપને પાળવોઆપવાજાન
ભુપતસિંહ...હાય! હાય! હીચકારોહેવાન,જનાર કયાંછે એ લુણહરામ.
યોવનસેના—પ્રપંચી પુરો છે, પાપીને નમેરો છે. છકેલા૦

૩૦

જોરાવરસિંહ તથા ગફુલશા—હાય હાયરે (૨) આતો આવ્યો કાળ હાય બાપ ઓય બાપ.
કોઇ દોડીને છોડી નાખો દયા કરી આવાર. હાય૦
ઓય ! ઓય ! હું ગરિબ વાણીયો વાંક વગરનો સાવ;
હાય ! હાય ! હું રંક ઠાકરડો લીધો નહીં કંઇ લાવ
ખાધો—ખાધો—આવ્યો આવ્યો હાય આ સાપ—

૩૧

નવલચંદ્ર—
મરવું બ્હેતર છે. મુખ કાળું લઈ જીવ્યા થકી હરી
મીત્રે મનમાં અવળું માન્યું ગંગોદક મદીરા ન પીછાણ્યું રે—કટે.

બુરૂં જોયું ન જાણ્યું-દીધો પરહરીરે—મરવું
કાળી ટીલી કરમે દીધી પતી જાણી સતીયે ભુલ કીધી
પણ એ સાધવી સીધી પતીવ્રતા ખરીરે—મરવું
કૃશ્ન કોપ આ શો તેં કીધો; સુખ સમીર પલટી ક્ષણ દીધો
દુઃખમાં ઘેરી લીધો કર્યો મીત્ર અરીરે—મરવું.
કલંકીને નહીં કોઈ બોલાવે વાટ ઘાટ આંગળીએ બતાવે
વિશ્વાસ નવ લાવે જન કોઇ જરીરે—મરવું.
સમજુ, ડાહ્યો, વિદ્યાવાળો, શીર આવ્યો જો કલંક ભારો
બગડયો હા ! જન્મારો અક્કલ ઉંધી વળીરે—મરવું.

કમળા— ૩૨

શ્રી હરી સાહાય થાજો, દુઃખમાં દારા ડુબાણી.
માધવરાય હજો, તત્પર તનયા જાણી.
માછલી જીવન જળધારા; પોયણી જીવચંદ્ર રસાળા.
કામની જીવ કંથ રૂપાળા. મેળવો કમળાપતી પ્યારા.
દેવ દયા દીલ આણી—શ્રી હરી૦
જુવતી જપતી પતી માળા. શોધતી ફરે વન વન વાલા.
ભેટશે નહીં જો કદી લાલા ભટકી મરશે સતીબાળા
સત્ય માન જો વાણી—શ્રી હરી૦

જોરાવર તથા ગફુલશા— ૩૩

વારેવા (૨) કેવી કરી છે મજા તાલમેલને લડાવી વા જમા
કેવી મારી હોંશીયારી જારેજા બીકણ બીલાડી
પણ હું કેવો ખેલાડી બાહાદુર તમે તો ભારી
રામ રામ છે પ્રણામ. સદા ચાલોને સ્વધામ
નાના હું તો જઇશ આમ લ્યો સલામ.
રામ...રામ......સો...તા...રામ—

કુસુમ— ૩૪

ધરી ક્રોધ બોધ કાને વિપરીત મેં કર્યું
અમ્રત વીણ ભાને ગણિ વીશ પરહર્યું.
વા ભારી—શું આવી—હાથાવી—ધરી૦

ગણિ રત્નને અંગારો, કુબુદ્ધિએ તજ્યો
ગમાર હાથ હીરો છે પાહાણુમાં ખપ્યો—વા.
બની અંધ આમ્ર જાણ્યો અવિચારે આકડો
ઝવેરી મુરખે માન્યો મણીને કાંકરો—વા.
કર્યા મીત્ર દ્રો હાથે બુદ્ધિ, શાન વિસરી.
પસ્તાય, પરિતાપે તન દાઝે શ્રી હરી—વા.

વિવેકચંદ્ર— ૩૫

વિલોકું વીભુ શું કતી તા...આ...આ...આ...રીને
તા...આ...આ...આ...રીને, ગતીન્યા...આ...આ...આરીને-ટેક
અવલોકીક કૃત્યો હરિતારાં, દુષ્ટ સુખી, દુખી ન્યાય બીચારા.
ભુખે ભટકાવે ધર્મ ધા...આ...આ...આ...રીને—વિલોકું૦
વેશ્યા ચઢી સુખ પાલે મ્હાલે, વિણુ ઉપાન સતીઘટવન ચાલે
પાપી પ્રપંચ થકી હા...આ...આ...આ...રીને—વિલોકું૦
હેમ ઝુલે ઘડિમાં તું ઝુલાવે, વળી પલમાં વન વન ભટકાવે.
રંક ફરે છત્ર ધા ..આ...આ...આ...રીને—વિલોકું
જળધર વાદળ,જગ,ખગ;નભગણુ; જોતાં અદ્દભુત કાર્ય વિચીક્ષણુ.
પાર ન સુજે મતી મા...આ...આ...આ...રીને વિલોકું૦

૩૬

કાળું કામ કરે ન શું? કામી, નીચનારીની જાત હરામી;
વદે વેણુ મોઠાં મુખે સ્વામી, બીજા સંગ રતી રસે જામી.
લોભાવે રસનાએ રસાળી, ઉરમાં તીખી પાપની પાળી.
ક્રૂર, ધુર્ત, ઢોંગી, ને ધુતારી, ભણી ચુકેલ જારી વિજારી.
શર્મ, ધર્મ, લજ્યા નહીં, દયા નહીં તલભાર;
જાર માટે જગદીશને, છેતરવા તૈયાર,
રડે ઘડીકમાં, હસે ઘડીકમાં, ઘડી રીસે મસ્તાન.
લલચાવે નરલાખને, પણુ કોઈની ન એ શેતાન—

ભુપતસિંહ— ૩૭

ધીઃક ધીક નીચ બદકાર, ફટફટનાર વ્યભિચાર.

યૌવનસેના—હાય હાય આવ્યો કાળ;

ભુપતસિંહ—ચુપ ચંડાલણી જાર,
ચોવન૦—કરો કરો દયા કંઇરે, પ્રભુભુલ પડી ગઇરે.
ભુપત૦—હજાર ધીઃક્કાર તને થુછે ગમાર—
ચોવન૦—વિનતી કરૂં;
ભુપત૦—પ્રાણ હરૂં,
ચોવન૦—હું કગરૂં.
ભુપત૦—દયા ધરૂં કકડી કકડીકરૂંછુંહીધરાપાર—
નાચનારીયો— ૩૮

નૃપમણી, તુલ્યબની રહો સદા,
અવિચળ અવની પરે;
સુકીરતી-ને સંપતી-દીનપ્રતી,
જગછતી-થાઓઅતી—નૃપ૦
જગમાં-તવ-જશ-જય-જામો,
મનમથ સમ રૂડી મુખ આકૃતી;
ચિત્તમાં ચોટી છે,
નીતી-રીતી-ક્ષીતીમાં પ્રસારી છે.
પ્રજા પ્રત્યેં પ્રીતીને વધારી છે,
જય—જય—બોલો—જય—નૃપ૦

કમળા— ૩૯

પ્રભુરે પાપીને ફંદે પડી,
દગે બોલાવી ને, દીધી ફસાવી, દયા ન વસી જરી—પ્રભુ૦
ત્રાસ પામે મન, ધ્રુજે તન, જીવ જપે ન કહીં જરી,
નાથ અનાથની સાય કરો (૨) બાળા મરશે તરફડી—પ્રભુ૦
મૃગલી પકડી પારધીયે પાથરી કપટ જાળે કરી,
દેવ દયાળુ દયા કરી દોડજો (૨) વ્હેલા વારે હરી—પ્રભુરે૦

કમળા— ૪૦

હાફ્સાવી નેરીબાવી, વારે આવી શ્રીવનમાળી કરજો સાહાય;
લ્યો બચાવી છેહદ આવી, હું શીરનામી પ્રભુજી પ્રણમું પડીને પાય.
નોધારા; આધાર, દયાળ, મોરાર, હું બાળ, લાચાર આજ;
ચંડાળ, આવાર, દે મારૂં દુઃખભાર, અપાર, લુંટવા લાજ.

હાયરે; કાયરે, ગાયરે, થઃયરે, લાયરે, સુણતાં વાત;
આઓરે, ધાઓરે, બાળા બચાઓરે, કસાઇ કરેથી નાથ.

સખીયો— ૪૧

આજે સુર્ય ઉગ્યોરે સોનાતણો, આનંદરે લ્યો અવની ઘણો.
હૈડે સખી હરખ ન માય, ધન્ય દિવસ શુભ આજનો.
સદન મદભર માનની, સિંહલંક સુંદર કાય;
મૃદુ, મૃદુ, મુખ મલકતી, મળિ મંગળ ગીતો ગાય.
કનક કરમહીં મોતીડાના થાળ (૨) પચરંગી ફુલહારો લઈ માહારાજ
લટકે લટકાળીરે, ચતુરાં ચટકાળીરે, વધાવવા વરરાજા સંચરી.

ત્રીજો અંક.

કીશોરી— ૪૨

ધાર્યું કરે જગતાત અરે મન મુરખ તજ કલ્પાંત,
મેં કર્યું એમ મરડાઇ મમતમાં મરે વૃથા જન જાત;
પ્રેમથકી પત્રાવળી પુરી અમૃત ભોજન સાર,
ગ્રાસ લઈ મુખમાં લેતામાં આવી પહોંચે કાળ;
રહે ધર્યું ઠામ સહુ ખાવું, ઝટ કાળ ઝાળ વશ થાવું,
કરતા હરતા રઘુનાથ (૨) મીથ્યા માનવના ઘસવા હાથ.
સુખ દેખી શું? છલકવું નથી અમર રહેનાર,
સુર્ય ઉદયને અસ્ત છે ખીલ્યુ પુષ્પ ખરનાર;
કહું સત્ય સર્વ આ વાત, મીથ્યા માનવના ઘસવા હાથ.

સખીયો— ૪૩

ચાલ્ય ચાલ્ય વેલી વેલી નવેલીરે ભોગી ભેટી લે યોવન છકેલીરે,
મોહનસંગે મદનજંગે રંગરસ લુંટાતાં બ્હેન;
જોને જરી શરમાતી છબીલી, પીતાંરસિક રસ ઘેલીરે.
કીશોરી—ચુપ ચુપ હવે રહેને ચબેલીરે બહુ શું છેક રીત મેલીરે-
સખી—લોચન રસીલાં એ રામારસીલી, લટક ચટકતો ચાલે છબીલી.
પાજે પીજે પ્રેમ રસ તું રંગીલી.
કીશોરી—...... ......મુકી દે હવે લવારો હઠીલી.

સખી—લેજો મ્હાલી.
કીશોરી—જાને કાલી.
સખી—જો જો લટકા વા વા વા.
ગીયો— ૪૪

ગુણિયલ સાસરે જઈ પીયર દીપાવજે,
ડાહી માત તાત શોભા વધી કરજે;
સલુણી સાસુ, સસરો, ને નણુદી રીઝવજે,
ગણજે પ્રીતમને પ્રભુ પ્યારા ભમતા પરનર ગણશે નકારા.
પાળજે પ્રેમે પતીવ્રત બાળા,—ગુણિયલ,
શાણીરે સખી દેરાણી, જેઠાણીરે (૨)
સરવેથી હળિ મળિ વ્હાલી મારી તું રેજે,
રૂમ ઝુમ કરતી સાસરીયું શોભાવજેરે.
કુમ કુમ પદની ન અમને વિસારજેરે,
સ્વામીથી સાહેલીરે રીસાતી ન કદી રતીરે;
ઘણાં યત્ન કરજેરે શીયળનાં સૌભાગ્યવતીરે.
સજાન શું ? શીખવીયે શાણી તું સુંદર મતીરે,
વેલી વેલા વળજેરે પાછી તું પીયર પ્રતીરે—ગુણિ૦

કુસુમસેન— ૪૫

સુંદરી સુભાગીરે સુંદરી સુભાગીરે.
અનંગ અગ્નિ અંતરમાં લાગી, ત્રીયા જતાં ત્યાગીરે—
કમળ નયન તુજ કાળજ ખટકે, ચલિત કર્યું ચીત લટકે ચટકે.
લલચાવીશીદ લલના સટકે, પ્રેમ પ્યાસી આ પંખી ભટકે—
અનંગ અગ્નીથી એવા એવા ચળિયા શંકર, બ્રહ્મા, જેવા;
રોયા રામ સીતા વીણુ કેવા તું છે માનની મીઠા મેવા.

૪૬

ભુપતસિંહ તથા વિવેકચંદ્ર— ૪૬

જીવડા જાગ્યને અંત સમયે શોધ્ય ઠરવા ઠામ તું,
જમડા મારથી લે તું બચવા સત્ય શરણું રામનું.

કાળ પવન ઝપાટામાં દીપ બુઝતાં શી વારરે.
પીંડ નીરપર પોટને કહે ફુટતાં શી વાર છે;
આળસ મુકી ઉઠય અંધા, નીચ ધંધા છોડય
ખંધા ખુઅતું ખાઇશ જમના ખાસડાંનો મારરે. હાંરે ખં૦
મારૂં મારૂં કહી મુરખ ભરી આજે બાથ તે;
મોહ, માયા, મમતમાં જાણ્યા નહીં જગનાથને;
સગુંનારી સાથ નાવે (૨) એકલો સપડાઇશ. ખંધા.
ઉતરવા ભવસાગર ભગવત નામનું લે નાવજી,
મોહ કાગળ નાવથી ગમાર થૈશ ગરકારજી
પુરો પામ્મર પ્રાણીયા તું (૨) પાછળે પસ્તાઇશ ખંધા.

૪૭

કમળા—જા જા. રે પાપી જારે તું દુર હેવાન.
અનુપ—જોબન મદમાતી જોબનનું દે દાન.
કમળા—ધીઃક ધીઃક હીચકારા ઓ નાદાન.
અનુપ—સુરત પ્યારી-નેન કટારી-કરેકારી ઘા આજારી.
પા. પા. રે પ્યારી પ્રેમે સુધારસ પાન,
કમળા—કામ અંધા વશપણે ભુલ્યો ભાન, સતી સતાવેથી ખોયા કૈંક પ્રાણ.
અનુપ—અરે પ્યારી દાસ ધારી કરો યારી,
કમળા—શુ બદકારી—જા.

કુસુમ— ૪૮

વદો વદો વેણ સાકર વ્હાલાં, પ્રેમ સુધાપાઈ પીડ હરો.
કમળા—પરહરી પછી પ્રેમ શું પ્રીતમ કાલાન ઠગના ઠાઠ કરો;
કુસુમ—[અલબેલી એ વખત ગયો, હવે હું તારો થયો.)
કમળા—જાણ્યા જાણ્યા જાદુગર ધુતારા નયન બાણુન ઘાવ કરો.
કુસુમ—રતી રસબસ કર રસીલી ભેટય નાંતો થશે પ્રાણપરો;
કમળા—[ઉંહું ઉંહું જો જો અલબેલા આધારે જો.]
કુસુમ—સદન મદનની અગન રસીલી લાગી રગ રગ જાયે પ્રાણ.
કમળા—લાલા લ્યો લુંટો રસ મોહન અલબેલાજી આપુ જાન.

કીશોરી—　　　　　　　　　૪૯

હો કરૂણાળુ કીરતાર, કૃષ્ણ કૃપાળજો,
દેવદયાળુ દારા દાદ સ્વિકારજોરે;
પ્રભુ પાતળીયા પ્રીતમ પ્રાણુ આધારજો,
સુંદરવરનું શામળીયા દુઃખ ટાળજો.
કરે પ્રાણજીવનની માળ ધારી,
રહું રાતદીને પતીવ્રત પાળી;
રઘુનાથ પ્રખ્યાત સીતા ઉધારી,
સતી દ્રૌપદીની લજ્યા તેં વધારી.
તેમ આતનયા ત્રીકમ તન શ્રૃંગારજો,
ઉગારી અલબેલા છેલા ભેટાડજોરે;

માધીયો—　　　　　　　　　૫૦

રસીલી, રંગીલીયે, છબીલી માનીજા વ્હાલી,
કીશોરી—દુર રહે કુર કમજાત;
માધીયો—તારી જાઊં લટકે હું વ્હાલી,
લટકાળી, ચટકાળીરે, ભોગીને ભેરાને પ્યારી.
કીશોરી—ચુપ નહીતો ખાઇશ એક લાત,
માધીયો—માર માર બાપુડી મારી—ઓનખરાળી.
કીશોરી—દુર અનાડી,
માધીયો—અવની તળપર, નાં આવો વર;
કીશોરી—છટ છટેલા, તું છાનો મર,
માધીયો—વાહ ! અરે વાહ ! અરે વાહ !—રસીલી૦

નવલચંદ્ર—　　　　　　　　૫૧

જુવો જુવો છબીલી બાળા, આ રહ્યું રત્ન તમહારા,
કીશોરી—હા એજ રત્ન ચીતહારા. વા. વા. વા. રે રસરાજ પ્યારા;
નવલચંદ્ર—મળિ મધુરી મનહરમાળા. પા. પા. પા. પા. રે
પ્રીય પ્રેમ પ્યાલા.
કીશોરી—કરી કામણુ લટકાળા, હરી ચીતને ઠગારા.
અરે વા વા ધુતારા રહ્યા છાના છોગાળા.

નવલચંદ્ર—માવી બળ ભારો બાળા.
કીશોરી—હવે ના છોડું લાલા ગા વા વા વા રે. વચનો રસાલાં.
અનુપ-કુસુમ— ૫૨
સિપાઈયો વી૦—અરે મારો શું વિચારો હીછકારા હત્યારાને.
ગફ્લશા—દયા ધારોને ઉગારો માફ કરી આ ગુન્હાને.
બધા—ચુપ રહે ચંડાલા.
ગફ્લશા—મુવો બાપ એ મારા.
બધા—ધો:ક નીચ ધોઝારા
ગફ્લસા—અરર ઓ હાયરે.
બધા—પાપની સજાયરે.
ગફ્લ—પડું હું પાયરે.
બધા—જુવો આથાયરે—મારો૦
જોરાવર— ૫૩
આવો અલબેલો પ્રાણ* ચોર્યું ચતુરાં ચીત ચાલમાં.
યોવનસેનાં—મોહન મધુરી વાણ* કોર્યું કલેજું પ્રીયે લાલહાં.
જોરાવર—તું જીવન હોરી મમદારા.
યોવન૦—છો પ્રાણ પાતળીયા લાલા.
જોરાવર—વ્હાલી લટકે વેચાણ.
યોવન૦—વારે વાલા ગુણખાણ—કોર્યું.
જોરાવર—દીલહર દળવી દીલ સાથેરે પીઉ અધર સુધા રસ ખાંતેરે.
યોવન—રતી રંગ રમો લઈ બાથેરે.
વ્હાલારે આ આ આ વારે ચતુર સુજાણ.
લાલારે આ આ આ લુંટો જોબન નીલાણ—કોર્યું.
લડવૈયા— ૫૪
વીરબાલો, રણવ્હાલો, કરઝાલો, સૌ ઢાલો.
નેભાલો, લૈચાલો, શુરા સરદાર—ઝટ ઝટ ઝટ ઝટ.
અહંકારી, બદકારી, નીખ્વારી, કરનારી.
અસોભારી, શીરમારી, ઉડાવો પાર—કટ કટ કટ કટ.
મારો બાણ, કરધર કરધર—વાળો ધાણ, ખળદળ, બળપર,

પાપી જાય, થરથર, થરથર—સાય થાય, બળધર, નરવર;
હાંબ્હાદુરો, હાંશુરવિરો, દોડી, દોડી, ઝટકીને, પટકીને,
મારો પાપી ઘણા, રક્ત અરિતણા, ભુત, પ્રેત પીયે-ઘટ ઘટ. ૨

અનુપ તથા સિપાઇ— પપ

મારો માર અરે પકડો, બાંધી ધરા પરેં ઘસડો;
પાપી પુરા છે ચંડાલ, એના બુરા કરો હવાલ.
મારી માર ઉતારો ખાલ, ખુબ બંધનથી જકડો—મારો૦

ગફલ—મુવો હાય અરે ઓ બાપ, કરો મ્હેર કરીને માફ.
બધા—કીધાં ઘણા દિવસ જે પાપ, તેનો ફુટયો આજ ઘડો-મા
ગફલ—દયા ધરો અરે કાંઇ ઉર, નીરદોષી હું આ છે ક્રૂર.
હુરખો—ના છે એજ પાપીયો પુર.
બધા—ચુપ ચંડાળો પંથે પડો—મારો૦

તમામ પાત્રો— પ૬

વિજય વિજય જયકાર-સદાચાર તણો જગ જાણ,
ઉદય ઉદય આ વાર જળ હળીત સત્યનો ભાણ;
નેક, ટેક, નીતિ, ન્યાયેરે સદા થશે પ્રભુ સાહાયેરે,
મરે પાપી શીર પટકી પાહાણ-વિજય૦
નિત્ય પ્રત્યે-જય સત્યેં-દુર કૃત્યે-ક્ષય અંતે.
કરણી તેવી ઉતરણી પાર—વિજય૦

સમાપ્ત.

અમદાવાદ—યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડ.